

# સુખનો સરળ માર્ગ

૨૭ સપ્ટેમ્બર ૨૦૦૪,
ફેરફીલ્ડ, આઈઓવા
યુ.એસ.એ. (અમેરિકા)

મારાં પ્રેમાળ કુટુંબના બહેનો અને ભાઈઓ,

હું અહીં આપને શીખવવા કે બોધ આપવા નથી આવ્યો. આ એક આપ સૌના ભાઈ તરીકેની વાત છે.

પરમાત્માના વિપુલ સર્જનમાં સૂર્ય, આકાશના તારા અને પૃથ્વી છે. પૃથ્વી ઉપર એમની સમૃદ્ધિ- નદીઓ, દરિયો, ખડકો અને પર્વતો છે; ટેકરીઓ અને ખીણો છે, છોડ અને ફળ-ફૂલ-પાન સહિતનાં વૃક્ષો છે તથા પક્ષીઓ અને પશુઓ છે. વળી માનવ એ પણ પરમાત્માનું ઐશ્વર્ય છે. આ બધાંને જીવન છે-આત્મતત્ત્વ છે. તે સર્વને-તેનાં અસ્તિત્વને સહેજ પણ દુઃખ કે તકલીફ આપો નહિ.

વીજળી, પાણી, હવા અને ગેસ એવા કોઈ પણ સ્વરૂપની શક્તિ વાપરતી વેળા સાવધાની રાખો. છેલ્લે હું કહીશ કે ખાદ્યમાં અને વાણી વાપરવામાં થોડા કંજુસ બનો-રક્ષક બનો. જેટલું ઓછું બોલશો તેટલું બળ મેળવશો. મૌનની સ્થિતિ તમારા મનની શક્તિને મજબૂત કરશે અને ખૂબ પ્રમાણમાં તે શક્તિને ભેગી કરશે. તેથી તે શક્તિઓને ખૂબ અલ્પ પ્રમાણમાં વાપરશો. આ પ્રભુએ આપેલાં વરદાનો છે. પરમાત્માએ ઉત્પન્ન કરેલ પ્રાણીઓ માટે આ વરદાન જાળવવા માટે અને તેને મેળવવા માટે પ્રયત્નની જરૂર રહે છે. વળી તે માનવજાત માટે એક સંશોધનનો પણ વિષય છે.

પ્રત્યેક મનુષ્ય અને પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીભાવે વર્તન કરે જેથી તમો એકરૂપતા અને પ્રેમભાવ અનુભવો. ખાસ કરીને નિઃસ્વાર્થ પ્રેમ અંદરનો ઊંડો આનંદ આપે છે અને દૈવી સુખનું ઈનામ અર્પે છે.

ઘી વાર અમે નોંધ્યું છે કે કોક કોક કહે છેઃ- “હું આધ્યાત્મિક દોરવણી આપનાર ગુરુ છું. આ મારો શિષ્ય કે આ મારા શિષ્યો છે.” આ પ્રકારનો સંબંધ કહેવાતા શિષ્યોને નીચી કક્ષાએ કે નિમ્ન સ્તરે મૂકે છે. હું આ જાતના સંબંધને કે વૃત્તિને યોગ્ય સંબંધ તરીકે જોતો નથી.

પરમાત્માના સામ્રાજ્યમાં બધા જ સરખા છે.

વધુમાં કોઈ પ્રત્યે પણ અનાદર, ઉપેક્ષા કે અપમાનભરી વર્તણુક ન રાખવી એ જ ઉત્તમ છે. ગમે તે દેશની કે ગમે તે ધર્મની વ્યક્તિ-પુરુષ કે સ્ત્રી હોય તેના પ્રત્યે ડહાપણભર્યું વર્તન રાખો. અણગમો, ધિક્કાર કે દ્વેષ ન બતાવવો. એથી સામો પ્રતિકાર થાય છે અને તે તમારા મન ઉપર અસર કરે છે.

આપણે માનવજાત એ માનવોની છે એવી ઓળખ રાખવી જોઈએ. ભેદો અને અંતરાયો જેવાં કે જ્ઞાતિ, ધર્મ, દેશ અને સમાજ-કાળો, ધોળો કે પીળો- એ મનુષ્યોના મનની પેદાશ છે.

દરેક શરીરમાં વહેતો જીવન પ્રકાશ એ પરમ આત્માના એક સૂત્રથી ગૂંથાએલો છે. આપણે દરેક જણ પરમ તત્ત્વના હારનાં એક એક મોતી છે. આ એક સમગ્રતાનું, અમરત્વનું, અખંડતાનું અને અવિભાજ્ય એકતાનું મૂર્તરૂપ છે.

તમારી સાથે બીજો જેવી રીતે વર્તવા ઇચ્છો તેવી રીતે તમો બીજા સાથે વર્તો. તમો બીજો તમારી સાથે કેવું વર્તે એમ ઇચ્છો ? દરેક માયાળુ અને પ્રેમાળ વર્તન વખાણે છે અને તેને આદર આપે છે. પરમાત્મા દરેકમાં વસે છે. આ સમજણથી આપણે એકબીજા સાથે આદરપૂર્વક વર્તવું જોઇએ.

મારા આદરણીય ગુરુજીએ એક સુંદર સૂત્ર આપ્યું છેઃ "પરસ્પરદેવો ભવ." "એકબીજા તરફ દેવ ભાવ રાખો."

બધા જ ધર્મો આપણા છે. બધા જ ભગવાન આપણા છે. માણસે માનવને મદદ કરવી જોઇએ અને પરસ્પર મદદરૂપ થવું જોઇએ. એકબીજાને સહકાર આપવો જોઇએ. વિશ્વમાં શાંતિ સ્થાપવાનો અને તે જાળવી રાખવાનો આ એક જ માર્ગ છે.

મનુષ્ય પ્રત્યેની કર્તવ્યભાવના એ જ મોટો ધર્મ છે. માનવધર્મ એ જ એકમેવ ધર્મ છે.

બધા જ ધર્મો મારા ધર્મ છે પણ માનવતા એ મારો સાચો ધર્મ છે.

પ્રત્યેક શરીરને-મનુષ્યને એક યા બીજો સદ્‌ગુણ મળેલો છે. નિરીક્ષણ કરો અને સારા ગુણો શોધી તેને અપનાવો.

દત્તાત્રેય ભગવાન ૨૪ ગુરુઓ પાસેથી શીખ્યા હતા. (બધી જ પરિસ્થિતિ અને સંજોગ આપણને કોઇને કોઇ બોધ આપે છે અને આપણી આધ્યાત્મિક પ્રગતિ પર પ્રકાશ પાથરે છે.) એ જ રીતે તમારા ગુરુ કે આધ્યાત્મિક પથદર્શક પાસેથી જે કોઇ બાબત તમો જાણો તો તે તમને પ્રગતિ માટે અથવા આધ્યાત્મિક પથઉપર આગળ વધવામાં મદદરૂપ થાય છે. તેથી જો આપણે પ્રત્યેક પાસેથી સારા સારા ગુણો લેવાનું શીખીએ તો આપણે સ્વયં સારા થઇશું.

મારા ગુરુમહારાજ પૂ.શ્રી રંગ અવધૂતજી કોઇ પાસે ગુરુનું સ્થાન લેતા જ નહિ. આ જ પરંપરા પ્રમાણે હું પણ કોઇનો ગુરુ નથી અને ક્યારેય થઇશ નહીં. પૂ.શ્રી રંગ અવધૂતજી સદા કહેતાઃ પ્રત્યેક સ્થળે અને પ્રત્યેકમાં મારા ગુરુમહારાજ વસે છે. તો હું કોઇનો પણ ગુરુ કેવી રીતે થઇ શકું ?

તેથી હું દરેકના ભાઇ તરીકે જ વર્તું છું. હું અહીં ઉપદેશ આપવા અથવા કોઇ ધર્મને શીખવવા આવ્યો નથી. મારા ગુરુજી પાસેથી હું જે શીખ્યો છું તે એક મિત્ર તરીકે તમને આ બધું કહ્યું છે. તમારે એમાંથી જે ગ્રહણ કરવું હોય તે લેવાનું કામ તમારું છે. જો તમને સારું લાગે તો ગ્રહણ કરજો, નહિ તો છોડી દેજો.

હું મારા ગુરુમહારાજનું મૂર્તસ્વરૂપ તમારામાં નિહાળું છું. તમો બધા મને ખૂબ જ ગમો છો. હું તમને ખૂબ જ પ્રેમ કરું છું. મારા વંદનો સ્વીકારશો.

હું મારા વંદનો તમને પાઠવું છું.

ૐ

આપનો પ્રેમાળ પ્રેમ

રંગકુટિર
લીંચ-૩૮૪ ૪૩૫.
જી. મહેસાણા, ઉત્તર ગુજરાત, ભારત.
ટેલિ.: (૦૨૭૬૨) ૨૮૨ ૩૪૩.